ૐ

# પૂ. બાલઅવધૂતજીને પરદેશના અવધૂત પરિવારની શ્રદ્ધાંજલિ



◇ પૂ. બાલઅવધૂતજી પ.પૂ. રંગઅવધૂત મહારાજશ્રી - પૂ. બાપજી - ના પરમ શિષ્યોમાંના એક ગણાતા.
તેઓ દત્તભક્તિમાં ખૂબ ઊંચી કક્ષાના સિદ્ધપુરુષ હતા.
એમણે કરોડરજ્જુના મણકાના ઓપરેશન પછીની લાંબી માંદગી પછી કારતક સુદ ૬, નવેમ્બર ૧૨, ૨૦૧૦ના શુક્રવારે સવારે ૧૦:૩૦ (સાડા દસ)ના સમયે એમના માતર આશ્રમમાં લગભગ ૭૫ વર્ષની ઉંમરે દેહત્યાગ કર્યો.
આ એક અતિશય દુ:ખદ સમાચાર છે, અવધૂત પરિવારના કેટલાંય ભક્તોને સખત આઘાત લાગ્યો છે, એમની ખૂબ મોટી ખોટ એ સૌને સાલવાની.
એમની અંત્યેષ્ટિ-ક્રિયા કારતક સુદ ૮, નવેમ્બર ૧૪, ૨૦૧૦ના રવિવારે બપોરે ૧:૦૦ના સમયે અનેક મહાનુભાવો અને દેશપરદેશના ભક્તોની હાજરીમાં થઈ.

◇ પૂ. બાલઅવધૂતજી અમદાવાદ પાસેના સરખેજના મૂળ વતની. પૂર્વાશ્રમનું એમનું શુભનામ શ્રી બાલચંદ ત્રિપાઠી.
વડોદરામાં MA with philasophy (તત્વજ્ઞાન)ની ડિગ્રી લીધા પછી, બ્રહ્મચારી રહી

◇ પ.પૂ. રંગઅવધૂત મહારાજશ્રીની સેવામાં જ એમણે સમસ્ત જીવન વીતાવ્યું.
પૂ. શ્રીની કૃપા અને પ્રેરણાથી ખેડા જિલ્લામાં વત્રાક નદીના કિનારે માતરમાં ગામાક્ષેત્ર નામે એમનો દર્શનીય આશ્રમ શરૂ થયો. ('ગામાક્ષેત્ર' એ પૂ. શ્રીએ આપેલું નામ છે)
જાતજાતનાં પક્ષીઓ માટે જ રોપાયેલાં અને સચવાયેલાં ભાતભાતનાં ફળોવાળાં વૃક્ષો તેમજ ઋતુ-ઋતુનાં પુષ્પોના વેલાના શિસ્તબદ્ધ જતન (ચણ) એમના આશ્રમમાં કરાય છે.

◇ કલા અને સાહિત્ય પ્રત્યે એમની અપ્રતિમ સૂઝ હતી. તેઓ કર્ણપ્રિય એવા મધુર કંઠે ભજનો ગાઈ શકતા. શિસ્ત અને સિદ્ધાંત માટે કડક વલણ એ એમનાં આગવા લક્ષણ હતાં.
પૂ. શ્રીની શતાબ્દી વખતે નિષ્ણાત ફોટોગ્રાફરને પણ મુગ્ધ કરી દે એવી કક્ષાના મોટાં કદના ફોટાઓ સુંદર ફ્રેમમાં મઢી જે અમૂલ્ય પ્રદર્શન ગોઠવેલું ચિરસ્મરણીય રહેવાનું.
(એ ફોટોગ્રાફીના પ્રદર્શનના પ્રવેશદ્વાર પર "ખોટોગ્રાફી" લખેલું હતું. મુલાકાત લેનારો વર્ગ એ વાંચી વિચારે જ ચઢી જતા. એમનો નિર્દેશ અમારા જેવા સામાન્ય કક્ષાના જિજ્ઞાસુને એવો લાગ્યો કે કચકડામાંથી કાગળ પર કંડારાયેલી આ છબિ અને આકૃતિના ગ્રાફથી અંજાઈ જશો એ ખોટું છે. ગુરુમહારાજના એ પરમતત્વની પ્રતિભા તો પ્રત્યક્ષમાં માણવા જેવી છે. જોકે, સાચી પ્રતિભા તો કોઈક અંશે ભાગ્યે જ ભાગ્યશાળીને આશીર્વાદરૂપે સમજાય છે.

◇ એ પછી ઓરિસ્સાના ઉચ્ચકોટિના શિલ્પ-કલાકારોને વર્ષોથી આશ્રમમાં રોકી, વાસ્તુશાસ્ત્ર અને પુરાતત્વવિદ્યાના આધારે જે દત્તમંદિરનું બાંધકામ હાથમાં લીધું છે એ બેનમૂન શિલ્પકામ પૂરું થાય ત્યારે ગુજરાતના સીમાડામાં દર્શકો અને જિજ્ઞાસુઓ માટે એ અજોડ ગણાવાનું.

◇ પૂ. શ્રી રંગઅવધૂત મહારાજ આફ્રિકા ગયા ત્યારે તેમની સાથે ભગતજીકાકા (હાલ કેનેડામાં) અને પૂ. બાલઅવધૂતજી પ્રવાસમાં હતા.
પૂ. શ્રી બ્રહ્મલીન થયા પછી આફ્રિકાના ભક્તોને તેઓ ભક્તિમાર્ગે સાચવી મૂંઝવણમાં દોરવણી આપતા રહ્યા અને તેમની મનોકામના પૂર્ણ થાય તે માટે પૂ. શ્રીના આશીર્વાદ મેળવતા રહ્યા. આમ તે ભક્તવૃંદને અને અન્ય ભક્તોને એમનામાં ગાઢ શ્રદ્ધા થઈ.

◇ પૂ. પ્રેમ અવધૂતજી અને પૂ. બાલઅવધૂતજી, પ.પૂ. રંગઅવધૂત મહારાજશ્રીના એ જમાનામાં બે દેહ પણ એક આત્મા જેવા રહી, બે ગુરુબંધુઓ ગુરુમહારાજનું કામ કરતાં

પૂ. પ્રેમ અવધૂતજીના કુમળા હૃદયને પણ પૂ. બાલ અવધૂતજીના આ સમાચારથી અસહ્ય આઘાત લાગવાનો.

* આપણી પ્રણાલિકા પ્રમાણે શિકાગો અને કેનેડાના અવધૂત પરિવાર દત્તનામસ્મરણ અને (ગુરુ ગુરુ કરતાં જેઓ મારા પ્રાણ જેવાં) અવધૂતી આનંદના પ્રસંગોપાત ભજનો પૂ. બાલઅવધૂતજીનાં પુનિત સ્મરણોમાં ગાઈ, પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજશ્રીનાં બાળકો તરીકે પૂ. બાલઅવધૂતજીના આત્માને મૌન પાળી શ્રદ્ધાંજલિ આપીશું. પરદેશના બીજા નાના-મોટા પરિવાર પણ યથાયોગ્ય અંજલિ આપવાના જ.

ૐ

સતીશ ઓઝાના
સ્નેહ વંદન સહ
ગુરુદેવ દત્ત.